Wednesday
11.03.2026
*Volume :10 * Issue No.243
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

પ્રધાનમંત્રી ૧૧મી માર્ચે કેરળ અને તમિલનાડુની મુલાકાત લેશે

- પ્રધાનમંત્રી ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડની કોચી રિફાઇનરી ખાતે પોલીપ્રોપીલીન યુનિટનો શિલાન્યાસ કરશે
- પ્રધાનમંત્રી બે મુખ્ય હાઈવે પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે: NH-66ના થલપાદી-ચેંગલા સેક્શનનું સિક્સ-લેનિંગ અને વેંગાલમથી રામનાટ્ટુકરા સુધીના કોઝિકોડ બાયપાસનું સિક્સ-લેનિંગ
- પ્રધાનમંત્રી તિરુચિરાપલ્લીમાં આશરે ૫,૬૫૦ કરોડના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે, રાષ્ટ્રને સમર્પિત કરશે, શિલાન્યાસ કરશે અને ફ્લેગ ઓફ કરશે
- પ્રોજેક્ટ્સ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રામીણ જોડાણ, હાઈવે વિકાસ અને રેલવે સેવાઓ સહિતના મુખ્ય ક્ષેત્રોને આવરી લે છે
- પ્રધાનમંત્રી નીલગીરી અને ઇરોડ જિલ્લામાં BPCL ના સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કનો શિલાન્યાસ કરશે અને ચેન્નાઈમાં IOCL ના લ્યુબ બ્લેન્ડિંગ પ્લાન્ટને રાષ્ટ્રને સમર્પિત કરશે

પ્રધાનમંત્રી એર્નાકુલમમાં આશરે ૧૦,૮૦૦ કરોડના અનેક વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે, રાષ્ટ્રને સમર્પિત કરશે, શિલાન્યાસ કરશે અને ફ્લેગ ઓફ કરશે

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૧૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ કેરળ અને તમિલનાડુની મુલાકાત લેશે. બપોરે આશરે ૧:૩૦ વાગ્યે, પ્રધાનમંત્રી એર્નાકુલમ, કેરળમાં આશરે ૧૦,૮૦૦ કરોડના અનેક વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે, રાષ્ટ્રને સમર્પિત કરશે, શિલાન્યાસ કરશે અને ફ્લેગ ઓફ કરશે. પ્રધાનમંત્રી આ કાર્યક્રમ દરમિયાન જનસભાને પણ સંબોધિત કરશે. ત્યારબાદ સાંજે આશરે ૫:૪૫ વાગ્યે, પ્રધાનમંત્રી તિરુચિરાપલ્લી, તમિલનાડુમાં આશરે ૫,૬૫૦ કરોડના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે, રાષ્ટ્રને સમર્પિત કરશે અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી આ પ્રસંગે જનસભાને પણ સંબોધિત કરશે.

એર્નાકુલમમાં પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રી ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) ની કોચી રિફાઇનરી ખાતે પોલીપ્રોપીલીન યુનિટનો શિલાન્યાસ કરશે. આ પ્રોજેક્ટ પરનું રોકાણ ૫,૫૦૦ કરોડથી વધુ છે. આ પોલીપ્રોપીલીન યુનિટની ક્ષમતા વાર્ષિક ૪૦૦ કિલો ટન છે. પોલીપ્રોપીલીન એ પેકેજિંગ, ઓટોમોટિવ ઘટકો, તબીબી ઉપકરણો, કાપડ અને ઘરગથ્થુ ઉત્પાદનોમાં વપરાતી એક આવશ્યક સામગ્રી છે. આ સુવિધા ભારતની ઘરેલું પોલિમર ઉત્પાદનક્ષમતાને મજબૂત કરશે, આયાત નિર્ભરતા ઘટાડશે, ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપશે અને આ ક્ષેત્રમાં રોજગારીની તકો ઊભી કરશે. રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં, પ્રધાનમંત્રી બે મુખ્ય હાઈવે પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે. પ્રથમ NH-66 ના થલપાદી-ચેંગલા સેક્શનનું સિક્સ-લેનિંગ છે, જે ૨,૬૫૦ કરોડથી વધુના ખર્ચે બનાવવામાં આવ્યું છે. આ સેક્શન મુંબઈ-કન્યાકુમારી ઈકોનોમિક કોરિડોરનો એક ભાગ છે અને તે કાસરગોડ અને કન્નુર જિલ્લાઓ તથા મેંગલોર અને મુઝપ્પિલાંગાડ સહિતના પડોશી વિસ્તારો વચ્ચે જોડાણને મજબૂત બનાવશે. આ પ્રોજેક્ટ કાસરગોડ, બેકલ, પાયન્નુર અને કન્નુર જેવા મુખ્ય નગરો સાથે જોડાણ સુધારશે, અઝીક્કલ પોર્ટ સાથે લિંકેજ વધારશે અને પર્યટન તથા વેપારને સમર્થન આપશે. બીજો પ્રોજેક્ટ વેંગાલમથી રામનાટ્ટુકરા સુધીના કોઝિકોડ બાયપાસનું સિક્સ-લેનિંગ છે, જે આશરે ૨,૧૪૦ કરોડના ખર્ચે બાંધવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ હાલના અવિભાજિત ટુ-લેન રોડને બંને બાજુ સર્વિસ રોડ સાથે સિક્સ-લેન હાઈવેમાં અપગ્રેડ કરે છે. તે ભીડને નોંધપાત્ર રીતે ઘટાડશે, ટ્રાફિક ક્ષમતામાં સુધારો કરશે અને માર્ગ સુરક્ષા વધારશે. આ સ્ટ્રેચ પર મુસાફરીનો સમય એક કલાકથી ઘટાડીને આશરે ૧૫–૨૦ મિનિટ થવાની ધારણા છે. આ પ્રોજેક્ટ કોઝિકોડ બીચ, બેપોર પોર્ટ અને કાપ્પડ બીચ જેવા મહત્વપૂર્ણ સ્થળો સાથે જોડાણ પણ સુધારશે, જે આ વિસ્તારમાં પર્યટન અને વેપારને વેગ આપશે. પ્રધાનમંત્રી કેરળમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (PMGSY) હેઠળ નિર્મિત ૨૩ ગ્રામીણ રસ્તાઓનું ઉદ્ઘાટન કરશે. આ રસ્તાઓ ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં જોડાણ સુધારશે અને બજારો, શિક્ષણ, સ્વાસ્થ્ય સંભાળ અને રોજગારીની તકો સુધી વધુ સારી પહોંચ સુનિશ્ચિત કરવામાં મદદ કરશે, જેનાથી ગ્રામીણ આજીવિકા મજબૂત થશે. પ્રધાનમંત્રી અમૃત ભારત સ્ટેશન સ્કીમ હેઠળ પુનઃવિકસિત ત્રણ રેલવે સ્ટેશનો - શોરનૂર જંક્શન, કુટ્ટીપુરમ અને ચંગનાસેરીનું ઉદ્ઘાટન કરશે. આ સ્ટેશનોને સુધારેલી મુસાફર સુવિધાઓ અને બહેતર સુલભતા સાથે આધુનિક બનાવવામાં આવ્યા છે. પુનઃવિકાસ મુસાફરો માટે આધુનિક, સુરક્ષિત અને અનુકૂળ મુસાફરી જગ્યાઓ બનાવવા સાથે સ્થાનિક સ્થાપત્ય તત્વોને પણ સંકલિત કરે છે. પ્રધાનમંત્રી શોરનૂર-નિલામ્બુર રોડ રેલવે લાઈન ઈલેક્ટ્રિફિકેશન પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કરશે. આ મહત્વપૂર્ણ રેલ સેક્શનનું ઈલેક્ટ્રિફિકેશન શોરનૂર ખાતે લોકોમોટિવ બદલવાની જરૂરિયાતને દૂર કરીને ઝડપી, વધુ કાર્યક્ષમ અને ટકાઉ ટ્રેન કામગીરીને સક્ષમ બનાવશે. પ્રધાનમંત્રી પાલક્કડ અને પોલ્લાચી વચ્ચે નવી ટ્રેનસેવાને પણ ફ્લેગ ઓફ કરશે, જે કેરળ અને તમિલનાડુ વચ્ચે રેલ જોડાણને મજબૂત બનાવશે. આ સેવા બંને રાજ્યો વચ્ચે મુસાફરી કરતા દૈનિક મુસાફરો, તીર્થયાત્રીઓ, વેપારીઓ અને પ્રવાસીઓને લાભ કરશે. પ્રધાનમંત્રી કેરળના કોલ્લમ જિલ્લાના વેસ્ટ કલ્લાડા ખાતે ૫૦ મેગાવોટના ફ્લોટિંગ સોલર પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કરશે. આ પ્રોજેક્ટ ભારતના સ્વચ્છ ઉર્જા લક્ષ્યોમાં યોગદાન આપશે અને ટકાઉ અને લો-કાર્બન ઊર્જા ભવિષ્ય પ્રત્યે દેશની પ્રતિબદ્ધતાને મજબૂત કરશે.

તિરુચિરાપલ્લીમાં પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રી તિરુચિરાપલ્લીમાં આશરે ૫,૬૫૦ કરોડના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે, રાષ્ટ્રને સમર્પિત કરશે, શિલાન્યાસ કરશે અને ફ્લેગ ઓફ કરશે. આ પ્રોજેક્ટ્સ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લ્યુબ્રિકન્ટ્સ ઉત્પાદન, ગ્રામીણ જોડાણ, હાઈવે વિકાસ અને રેલવે સેવાઓ સહિતના મુખ્ય ક્ષેત્રોને આવરી લે છે. પેટ્રોલિયમ ક્ષેત્રમાં, પ્રધાનમંત્રી ૩,૬૮૦ કરોડથી વધુના રોકાણ સાથે નીલગીરી અને ઈરોડ જિલ્લામાં ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કનો શિલાન્યાસ કરશે. આ પ્રોજેક્ટ ૮.૮ લાખથી વધુ ઘરોને PNG કનેક્શન પૂરું પાડશે, ૨૦૦થી વધુ વ્યાપારી સંસ્થાઓને ગેસ સપ્લાય કરશે અને ૨૦૧ થી વધુ ઝદ્ર્ય સ્ટેશનો સ્થાપિત કરશે. પ્રધાનમંત્રી ચેન્નાઈના મનાલી ખાતે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ૬૭૨ હજાર મેટ્રિક ટન પ્રતિ વર્ષની ક્ષમતા ધરાવતા લ્યુબ બ્લેન્ડિંગ પ્લાન્ટને રાષ્ટ્રને સમર્પિત કરશે. આશરે ૧,૪૯૦ કરોડના રોકાણથી વિકસિત આ પ્લાન્ટ ભારતની લ્યુબ્રિકન્ટ્સ ઉત્પાદન ક્ષમતાને મજબૂત કરશે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ, પ્રધાનમંત્રી તમિલનાડુમાં ૩૭૦ કિમીના ૮૯ ગ્રામીણ રસ્તાઓનું પણ ઉદ્ઘાટન કરશે, જે ગ્રામીણ વિસ્તારોમાં બજારો, શાળાઓ અને સ્વાસ્થ્ય સંભાળ સુવિધાઓ સુધી જોડાણમાં નોંધપાત્ર સુધારો કરશે. પ્રધાનમંત્રી NH-81 પર ગંગાઈકોંડા ચોલાપુરમ નજીક ગ્રીનફિલ્ડ બાયપાસનો શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી બે અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનો, બે એક્સપ્રેસ ટ્રેનો અને એક પેસેન્જર ટ્રેન સેવાને ફ્લેગ ઓફ કરશે, જે તમિલનાડુ અને તેલંગાણા, કર્ણાટક, કેરળ અને પૂર્વ ભારત સહિતના અન્ય પ્રદેશો વચ્ચે રેલ જોડાણને મજબૂત કરશે, જેનાથી મુસાફરોને લાભ થશે અને પ્રાદેશિક આર્થિક વિકાસને સમર્થન મળશે.

બનાસકાંઠાના કપાસિયા, ખારી, ઝાંબા, રાણપુર-બંગલા અને મહુડા ગામોમાં વર્ષોથી વિજળીની સુવિધા ઉપલબ્ધ

કોંગ્રેસના ધારાસભ્ય શ્રી કાન્તીભાઈ ખરાડીના આરોપો તદ્દન પાયા વિહોણા- ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

- આ પાંચ ગામોના ૧,૭૮૮ ઘરો- ખેતરોમાં પુરતા વોલ્ટેજ સાથે સતત વિજળી આપવામાં આવે છે
- રાજ્યના ખેડૂતોને સતત અને પુરતા વોલ્ટેજ સાથે વિજળી મળી રહે તે માટે ખેતર સુધી ટ્રાન્સફોર્મર ઉભા કરાયા

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યના છેવાડાના ગામ અને ઘર સુધી 24 ×7 વિજળી મળી રહે તે માટે સુચારુ વ્યવસ્થા કરવામાં આવી છે. આ વ્યવસ્થાના ભાગરૂપે રાજ્યના ઊર્જા વિભાગ દ્વારા બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના કપાસિયા, ખારી, ઝાંબા તેમજ હડાદ તાલુકાના રાણપુર-બંગલા અને મહુડા ગામોમાં વર્ષોથી સતત પુરતા વોલ્ટેજ સાથે વિજળીની સુવિધા ઉપલબ્ધ? કરવામાં આવી છે. દાંતા વિધાનસભાના કોંગ્રેસના ધારાસભ્ય શ્રી કાન્તીભાઈ ખરાડીએ તા. ૨૮ ફેબ્રુઆરીએ વિધાનસભા ગૃહમાં આ ગામોને વિજળી મળતી નથી તેવા કરેલા આરોપો તદ્દન પાયા વિહોણા છે તેમ, સ્થળ તપાસ બાદ વિગતો આપતાં આજે ઊર્જામંત્રીશ્રી ઋષિકેશ પટેલે ગૃહમાં જણાવ્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અમારા ઊર્જા વિભાગ દ્વારા રાજ્યના ખેડૂતોને સતત અને પુરતા વોલ્ટેજ સાથે વિજળી મળી રહે તે માટે ખેતર સુધી ટ્રાન્સફોર્મર ઉભા કરાયા છે. આ સિવાય પણ જયારે કોઈ ટેક્નિકલ ખામી આવે અથવા કોઈ ફરિયાદ આવે ત્યારે તેનો તાત્કાલિક ઉકેલ લાવીને વિજળી પુરવઠો પુનઃ સ્થાપિત કરવામાં આવે છે. મંત્રી શ્રી પટેલે આ ગામોમાં ક્યારે વિજળી આવી તે અંગે વધુ વિગતો આપતાં ગૃહમાં કહ્યું હતું કે, આ પાંચ ગામોના કુલ ૧,૭૮૮ ગ્રાહકોને પુરતા વોલ્ટેજ સાથે સતત વિજળી આપવામાં આવે છે. જેમાં કપાસિયા ગામમાં વર્ષ ૧૯૮૮માં વિજળી આપવામાં આવી હતી. જેનો હાલમાં ૮૧૬ ગ્રાહકો લાભ લઈ રહ્યા છે. આ ગામને ૧૧ કેવી કપાસિયા જ્યોતિગ્રામ ફીડરનો પુરતા વોલ્ટેજ સાથે પાવર મળે છે. આ જ રીતે ખારી ગામમાં વર્ષ ૧૯૯૩થી વિજળી પહોચાડવામાં આવી છે. જ્યાં હાલમાં ૩૭૪ ગ્રાહકો છે. આ ગામને ૧૧ કેવી અમીરગઢ જ્યોતિગ્રામ ફીડરનો પુરતો પાવર મળે છે. જ્યારે ૪૮ ગ્રાહકો ધરાવતા ઝાંબા ગામમાં વર્ષ ૨૦૦૭થી વિજળી પહોંચી છે. આ ગામને ૧૧ કેવી અમીરગઢ જ્યોતિગ્રામ ફીડરનો પાવર આપવામાં આવે છે. આ ઉપરાંત ૪૧૨ ગ્રાહકો ધરાવતા રાણપુર-બંગલા ગામમાં વર્ષ ૨૦૦૦થી વિજળીની સુવિધા ઉપલબ્ધ કરાવામાં આવી છે. આ ગામને ૧૧ કેવી રૂપપુરા જ્યોતિગ્રામ ફીડરનો પાવર આપવામાં આવે છે. જ્યારે ૧૩૮ ગ્રાહકો ધરાવતા મહુડા ગામમાં વર્ષ ૨૦૦૯થી વિજળી આપવામાંઆવે છે. આ ગામને ૧૧ કેવી રૂપપુરા જ્યોતિગ્રામ ફીડરનો સતત પાવર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ પ્રગતિ દર્શાવે છે કે છેવાડાના માનવી સુધી તમામ સુવિધાઓ પહોંચાડવા માટે અમારી સરકાર કટિબદ્ધ છે. આથી ધારાસભ્યશ્રી દ્વારા ગૃહમાં કરવામાં આવેલા આરોપો ખોટા છે તેમ, મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

ભારતીય સૈન્ય ટુકડી સંયુકત લશ્કરી કવાયત લામિતિયે-૨૦૨૬ માટે સેશેલ્સ જવા રવાના

કમલમ્,

ભારતીય સશસ્ત્ર દળોની એક ટુકડી સેશેલ્સ સંરક્ષણ દળો (SDF) સાથે સંયુક્ત લશ્કરી કવાયત "LAMITIYE-2026" ની અગિયારમી આવૃત્તિમાં ભાગ લેવા માટે સેશેલ્સ પહોંચી છે. આ સંયુક્ત કવાયત ૯-૨૦ માર્ચ ૨૦૨૬ દરમિયાન સેશેલ્સ સંરક્ષણ એકેડેમી ખાતે યોજાશે. ક્રિયોલ ભાષામાં "LAMITIYE" નો અર્થ "મિત્રતા" થાય છે. તે દ્વિવાર્ષિક તાલીમ કાર્યક્રમ છે અને ૨૦૦૧થી સેશેલ્સમાં થઈ રહ્યો છે. આ આવૃત્તિ ભારતીય સશસ્ત્ર દળોની ત્રણેય સેવાઓની ભાગીદારી સાથે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. ટુકડીમાં ASSAM રેજિમેન્ટના કર્મચારીઓ અને INS ત્રિકંદ અને C-130 વિમાન સહિત ભારતીય નૌકાદળ અને ભારતીય વાયુસેનાના કર્મચારીઓનો સમાવેશ થાય છે. આ કવાયત સેમી અર્બન વાતાવરણમાં સબ કન્વેન્શનલ ઓપરેશનના ડોમેનમાં સિનર્જી વધારવા અને પીસ કીપિંગ ઓપરેશન્સ દરમિયાન બંને પક્ષો વચ્ચે સહયોગ અને આંતર-કાર્યક્ષમતા વધારવાનો પ્રયાસ કરશે. આ એક્સરસાઇઝ દ્વિપક્ષીય લશ્કરી સંબંધોને પણ સહયોગ અને પ્રોત્સાહન આપશે, જેમાં બંને સેનાઓ વચ્ચે કુશળતા, અનુભવો અને શ્રેષ્ઠ પ્રથાઓનું આદાન-પ્રદાનનો સમાવેશ થાય છે.

બંને પક્ષો સંયુક્ત રીતે અર્ધ-શહેરી વાતાવરણમાં સંભવિત જોખમોને નિષ્ક્રિય કરવા માટે શ્રેણીબદ્ધ વ્યૂહાત્મક કવાયતોને તાલીમ, આયોજન અને અમલમાં મૂકશે, તેમજ નવી પેઢીના સાધનો અને ટેકનોલોજીનું પ્રદર્શન અને ઉપયોગ કરશે. ૧૨ દિવસીય સંયુક્ત કવાયતમાં ક્ષેત્ર તાલીમ કવાયતો, યુદ્ધ ચર્ચાઓ, કેસ સ્ટડીઝ, વ્યાખ્યાનો અને પ્રદર્શનોનો સમાવેશ થશે, જે બે દિવસીય વેલિડેશન એક્સરસાઇઝની સાથે ખતમ થશે. આ એક્સરસાઇઝ બંને દેશોના સૈનિકો વચ્ચે પરસ્પર સમજણ અને સંયુક્તતાને નોંધપાત્ર રીતે વધારશે.

દસક્રોઈ તાલુકાના જેતલપુરધામ ખાતે રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની પ્રાણપ્રતિષ્ઠાના ૨૦૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે આયોજિત 'દ્વિશતાબ્દી પાટોત્સવ'માં ઉપસ્થિત રહેતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

૨૦૦ વર્ષના ભવ્ય ઇતિહાસ બાદ જેતલપુરધામનો મહિમાં આજે પણ એટલો જ અકબંધ છે -શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા



જો આપણું જોડાણ મંદિર અને ભગવાન સાથે હશે તો જ આપણું જીવન અને સંસ્કારો સુરક્ષિત રહેશે-શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા દસક્રોઈ તાલુકાના જેતલપુરધામ ખાતે રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠાના ૨૦૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે આયોજિત 'દ્વિશતાબ્દી પાટોત્સવ'માં ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ પ.પૂ.ધ.ધું કૌશલ્યપ્રસાદ મહારાજજી, પ.પૂ. તેજેન્દ્રપ્રસાદ મહારાજજી પ.પૂ. વજેન્દ્રપ્રસાદ મહારાજજી તથા સ્વામી નિર્ગુણદાસજી મહારાજ સહિત ઉપસ્થિત સર્વે સાધુ સંતોને વંદન કરી 'જય સ્વામિનારાયણ'ના નાદ સાથે હરિભક્તોને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, ભગવાનની અસીમ કૃપાથી આજે જેતલપુરમાં જાણે એક આખું નગર વસ્યું હોય તેવો દિવ્ય સમૈયો ઉજવાઈ રહ્યો છે. તેમણે પોતાના બાળપણના સ્મરણો વાગોળતા કહ્યું કે, નાનપણમાં તેઓ ચાલીને જેતલપુર દર્શનાર્થે આવતા.

૨૦૦ વર્ષના ભવ્ય ઈતિહાસ બાદ આ સ્થાનનો મહિમાં આજે પણ એટલો જ અકબંધ છે. સંસ્થાના કાર્યને બિરદાવતા તેમણે એક માર્મિક ઉદાહરણ આપતા કહ્યું કે, આ સંસ્થા એક સ્ટેપ્લર મશીન જેવું કાર્ય કરે છે અને આપણે સૌ તેની પીન સમાન છીએ. જેમ કરોડો રૂપિયાના દસ્તાવેજોને એક નાનકડી સ્ટેપ્લરની પીન સાચવી રાખે છે, તેમ જો આપણું જોડાણ મંદિર અને ભગવાન સાથે હશે તો જ આપણું જીવન અને સંસ્કારો સુરક્ષિત રહેશે. જો આ જોડાણ તૂટ્યું, તો સમજજો કે જિંદગીનો સૌથી અગત્યનો કાગળ વિખેરાઈ ગયો.

મહોત્સવમાં આયોજિત પ્રદર્શનીની પ્રશંસા કરતા તેમણે જણાવ્યું કે, આતંકવાદીઓ સામે ભારતીય સેનાએ આપેલા જડબાતોડ જવાબ 'ઓપરેશન સિંદૂર'ની પ્રદર્શની યુવા પેઢીમાં દેશભક્તિ જગાડનારી છે. આ ઉપરાંત ઉભી કરાયેલી બાળનગરી, રક્તદાન શિબિર અને વ્યસન મુક્તિ જેવા સેવાકીય પ્રકલ્પો સનાતન ધર્મના સાચા પ્રચારનું માધ્યમ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાન અનુસાર 'વોકલ ફોર લોકલ', 'આત્મનિર્ભર ભારત' અને 'મેક ઈન ઈન્ડિયા'ના સપનાને સાકાર કરવા તેમણે હરિભક્તોને સ્વદેશી વસ્તુઓ ખરીદવાનો આગ્રહ રાખવા વિનંતી કરી હતી. વર્તમાન વૈશ્વિક યુદ્ધની સ્થિતિ સંદર્ભે શ્રી વિશ્વકર્માએ તમામ ભક્તોને વિશ્વમાં શાંતિ સ્થપાય અને હકારાત્મક વાતાવરણ સર્જાય તે માટે બે મિનિટ સ્વામિનારાયણ ધૂન કરવા આહવાન કર્યું હતું. અંતમાં, ભારતને આત્મનિર્ભર બનાવવાના સંકલ્પ સાથે સહુને સાથે મળી સહકાર આપવા તેમણે અપીલ કરી હતી. આ ગરિમામય પ્રસંગે પ્રદેશ મહામંત્રીશ્રી ડૉ. પ્રશાંતભાઈ કોરાટ, ભાજપા અગ્રણીશ્રીઓ તથા આગેવાનશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

'વોકલ ફોર લોકલ', 'આત્મનિર્ભર ભારત' અને 'મેક ઇન ઇન્ડિયા'ના સપનાને સાકાર કરવા હરિભક્તોને સ્વદેશી વસ્તુઓ ખરીદવાનો આગ્રહ રાખવા વિનંતી કરતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

તંત્રી સ્થાનેથી......

આજના સમયમાં મેદસ્વિતાની લોકોના સામાન્ય જીવનશૈલી અને આરોગ્ય પર થઈ રહેલી અસરના કારણે સાથે જ વિવિધ પ્રકારની બીમારીઓથી બચે તે માટે 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનના ભાગરૂપે લોકોને મેદસ્વિતા બાબતે જાગૃતિના પ્રયાસો રાજ્યભરમાં થઈ રહ્યા છે. WHO - વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને વર્ષ ૧૯૯૭માં, મેદસ્વિતાને ગ્લોબલ હેલ્થ પેન્ડેમિક જાહેર કરી હતી. મેદસ્વિતા એ માત્ર શરીરની ચરબી વધવાની સમસ્યા નથી પરંતુ તે હૃદયરોગ, ડાયાબિટીસ, હાઈ-બ્લડપ્રેશર, ઘુંટણ દર્દ, કમર દર્દ, કેન્સર અને અન્ય ગંભીર રોગોનું મુખ્ય કારણ બની શકે છે. આધુનિક જીવનશૈલી, અસંતુલિત આહાર અને શારીરિક સક્રિયતાના અભાવના કારણે આજની પેઢી મેદસ્વિતા તરફ ધકેલાઈ રહી છે. ગુજરાતમાં આશરે ૧૫ થી ૪૯ વય ધરાવતા જૂથમાં, અંદાજીત ૨૩.૮ ટકા મહિલાઓ અને અંદાજીત ૧૯.૭ ટકા પુરુષો મેદસ્વિતા ધરાવે છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે ૨૦૧૯-૨૧ અનુસાર શહેરી વિસ્તારમાં ત્રણમાંથી એક વ્યક્તિ વધુ વજનવાળી અથવા સ્થૂળતા ધરાવે છે તેવું અનુંમાન છે મેદસ્વિતાના કારણોની વાત કરીએ તો બે કારણે તે થઈ શકે કુટુંબમાં મેદસ્વિતાનો ઈતિહાસ અને ખાણીપીણી. આનુવંશિક/પરિવારના બંધારણમાંથી મળેલી મેદસ્વિતા. ખાણીપીણીમાં બહારના કારણોથી વધતી મેદસ્વિતા. આહાર અને જીવનશૈલીમાં તળેલી, કેલેરિવાળી અને પ્રોસેસ્ડ ફૂડ (કોલ્ડ્રીક ફૂડ) વગેરે વધારે પ્રમાણમાં લેવાથી, શારીરિક કસરત અને ફિટનેસનો અભાવ તથા વધુ પ્રમાણમાં અને અસંતુલિત આહારના કારણે મેદસ્વિતા ધરાવતા લોકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ઉપરાંત તણાવ અને અનિયમિત જીવનશૈલી, હોર્મોનલ અસંતુલન (થાઈરોઈડ, ડાયાબિટીસ) સહિતની બાબતો પણ મેદસ્વિતાનું કારણ હોઈ શકે છે. જીવનશૈલીમાં બદલાવ અને આવશ્યક બને એટલા જીવન શૈલીમાં તેમજ રોજીંદી ક્રિયાઓમાં ફેરફારથી મેદસ્વિતાને નિયંત્રણમાં લાવી શકાય છે. ખાસ કરીને દિનચર્યામાં સુધાર કરવાની સાથે સમયસર ખાવું, સૂવું અને ચાવીને ખાવું. પૌષ્ટિક અને પ્રાકૃતિક આહાર લેવો, નિયમિત કસરત, દૈનિક ૩૦ થી ૪૫ મિનિટ યોગ અને પ્રાણાયામ તેમજ આયુર્વેદિક ઉપાયો (અશ્વગંધાના પાન, ત્રિફળા ચૂર્ણ વગેરે લેવા), ગરમ પાણી વગેરે પગલાં લેવાથી મેદસ્વિતા નિવારવામાં સફળતા મેળવી શકાય છે. સરકાર 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન ચલાવી રહી છે ત્યારે ચાલો આપણે પણ આપણી જીવનશૈલીમાં સામાન્ય ફેરફાર કરી મેદસ્વીતાને જાકારો આપીએ.

ભારત-ન્યુઝીલેન્ડ ૨૦૨૬ માં રમતગમત સંબંધોના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે રમતગમત સહયોગના વિસ્તરણ પર ચર્ચા કરે છે

કમલમ્,
કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે નવી દિલ્હીમાં ન્યુઝીલેન્ડના રમતગમત પ્રતિનિધિમંડળ સાથે સ્પોર્ટ્સમાં દ્વિપક્ષીય સહકાર વધારવા અને બંને દેશોની સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ વચ્ચેના સહયોગને મજબૂત કરવા માટે ઉચ્ચ મંત્રીસ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. વર્ષ ૨૦૨૬ ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેના રમતગમતના સંબંધોના ૧૦૦ વર્ષ પૂર્ણ કરે છે, જે ૧૯૨૬ ના ન્યુઝીલેન્ડના ઐતિહાસિક ભારતીય આર્મી હોકી પ્રવાસથી શરૂ થાય છે, જે બંને દેશો વચ્ચેના સૌથી શરૂઆતના મુખ્ય રમતગમતના જોડાણોમાંનું એક છે. આ વારસા પર નિર્માણ કરીને, બંને દેશોએ સહકારને વધુ ઊંડો બનાવવા અને રમતગમતની મુત્સદ્દીગીરીને મજબૂત કરવા માટે નવી પહેલોની શોધ કરી હતી. ભારતીય પ્રતિનિધિમંડળમાં યુવા બાબતો અને રમતગમત મંત્રાલય, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશનના વરિષ્ઠ અધિકારીઓ અને રાષ્ટ્રીય રમતગમત મહાસંઘોના પ્રતિનિધિઓ સાથે સચિવ (રમતગમત) શ્રી હરિ રંજન રાવ સામેલ હતા. દિવસની શરૂઆતમાં, શ્રી રાવે દ્વિપક્ષીય રમતગમત સહકાર વધારવા માટે ચર્ચા કરવા ન્યુઝીલેન્ડના અધિકારીઓ સાથે પ્રતિનિધિમંડળ-સ્તરની બેઠકની આગેવાની કરી હતી. પ્રતિનિધિમંડળોએ સહયોગ માટે અગ્રતાની રમતોની ઓળખ કરી, જેમાં રગ્બી, રોઈંગ, કેનોઈંગ, સેઈલિંગ, એથ્લેટિક્સ અને સાયકલિંગનો સમાવેશ થાય છે. ન્યુઝીલેન્ડના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ રમતગમત અને મનોરંજન માટેના સહયોગી મંત્રી ક્રિસ બિશપ દ્વારા કરવામાં આવ્યું હતું અને તેમાં ભારતમાં ન્યુઝીલેન્ડના હાઈ કમિશનર પેટ્રિક જોન રાટા, ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર રોસ ટેલર, સ્પોર્ટ ન્યુઝીલેન્ડના CEO રેલીન કેસલ, અને હોકી ન્યુઝીલેન્ડ, એથ્લેટિક્સ ન્યુઝીલેન્ડ અને પેરાલિમ્પિક્સ ન્યુઝીલેન્ડના પ્રતિનિધિઓ સામેલ હતા. ચર્ચાઓ ભારત-ન્યુઝીલેન્ડ શતાબ્દી રમતગમત સહકાર કાર્યક્રમ ૨૦૨૬ પર કેન્દ્રિત હતી, જે રમતગમતના સંબંધોની શતાબ્દીને સ્મરણીય બનાવવા અને રમતગમત વિકાસ, ઉચ્ચ-પ્રદર્શન તાલીમ, ઈનોવેશન અને લોકો-થી-લોકોના જોડાણમાં સહયોગ વધારવા માટે રચાયેલ એક વર્ષ લાંબી પહેલ છે. બંને પક્ષોએ રમતગમત અને સાંસ્કૃતિક આદાનપ્રદાનની પહેલોનું આયોજન કરવા અંગે ચર્ચા કરી, જેમાં બંને દેશોના શહેરોમાં આયોજિત થનારા પ્રસ્તાવિત ભારત-ન્યુઝીલેન્ડ સ્પોર્ટ્સ એન્ડ કલ્ચર વીકનો સમાવેશ થાય છે, જે સ્વદેશી રમતગમતની પરંપરાઓની ઉજવણીની સાથે રમતવીરો, કોચ અને સમુદાયોને એકસાથે લાવશે. બેઠકનું મુખ્ય ધ્યાન સંયુક્ત તાલીમ શિબિરો, કોચિંગ આદાનપ્રદાન અને રમતગમત વિજ્ઞાન, એનાલિટિક્સ અને એથ્લેટ પ્રદર્શન પ્રણાલીઓમાં જ્ઞાનની વહેંચણી દ્વારા ઉચ્ચ-પ્રદર્શન રમતોમાં સહયોગને મજબૂત કરવા પર હતું. ચર્ચાઓમાં પટિયાલાની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્પોર્ટ્સ (NIS) ના અભ્યાસક્રમમાં ન્યુઝીલેન્ડના કોચ વિકાસ માળખાને સંકલિત કરવાની પણ શોધ કરવામાં આવી હતી.

બંને દેશો સહકાર માળખાના અમલીકરણની દેખરેખ રાખવા, નોડલ અધિકારીઓને નામાંકિત કરવા અને સામયિક સમીક્ષાઓ સાથે મોનિટરિંગ મિકેનિઝમ સ્થાપિત કરવા માટે એક સંયુક્ત કાર્યકારી જૂથની રચના કરવા પર સંમત થયા હતા. બેઠકે રમતગમત સહકારને વધુ ઊંડો બનાવવા અને શતાબ્દી ભાગીદારીને બંને દેશોના રમતવીરો, કોચ અને રમતગમતની ઈકોસિસ્ટમ માટે મૂર્ત પરિણામોમાં રૂપાંતરિત કરવા માટે ભારત અને ન્યુઝીલેન્ડની વહેંચાયેલ પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

ગુજરાત વિદ્યાપીઠ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે 'આપણો સંવાદ' કાર્યક્રમ યોજાયો

કમલમ્,
ગુજરાત વિદ્યાપીઠના વુમન ડેવલપમેન્ટ સેલ (WDC) દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે 'આપણો સંવાદ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સાચો નારીવાદ અને નાગરિક સંસ્કાર (True Feminism and Civic Sense), સશક્ત યુવાઓ માટે કૌશલ્ય વર્ધન તેમજ મહિલા આરોગ્ય જાગૃતિ દ્વારા સ્વસ્થ સમાજનું નિર્માણ જેવા પાયાના વિષયો પર ગહન ચર્ચા કરવામાં આવી હતી. 'Give To Gain' ના અભિગમ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં વક્તાઓએ આધુનિક મહિલાઓ સમક્ષ સમાન તકો માટેના પડકારો અને ડિજિટલ યુગમાં ઉચ્ચ શિક્ષણની નવી તકો વિશે વિસ્તૃત માર્ગદર્શન આપી, સમાજમાં નૈતિક મૂલ્યોના સિંચન માટે સ્ત્રી સશક્તીકરણને અનિવાર્ય ગણાવ્યું હતું. મહાદેવ દેસાઈ ઉપાસના ખંડ ખાતે આયોજિત આ સંવાદમાં મીડિયા અને મહિલાઓના આંતરસંબંધો તેમજ ડિજિટલ પ્લેટફોર્મ પર મહિલાઓની છબી અને વાણી-સ્વાતંત્ર્ય અંગે પણ તર્કબદ્ધ રજૂઆતો કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત વિદ્યાર્થિનીઓ અને અધ્યાપકોએ મહિલાઓના સર્વાંગી વિકાસ અને સામાજિક જવાબદારીઓ પ્રત્યે સજાગ રહેવાનો સંકલ્પ કર્યો હતો. સમગ્ર આયોજન દ્વારા સ્ત્રી ગરિમા અને આત્મનિર્ભરતાનો સંદેશ વહેતો કરવામાં આવ્યો હતો.

રમતોત્સવ – આનંદોત્સવ – રંગોત્સવ ઉજવણી

કમલમ્,
સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સેક્ટર ૧૨, ગાંધીનગર ખાતે ઉત્સાહ અને આનંદભેર રમતોત્સવ, આનંદોત્સવ અને રંગોત્સવની ઉજવણી કરવામાં આવી. શરૂઆતમાં શાળાના આચાર્યશ્રી ભાવેશકુમાર જાની એ રમતોત્સવ, આનંદોત્સવ અને રંગોત્સવના આપણા જીવનમાં રહેલા મહત્વ વિશે સુંદર માહિતી આપી. સમગ્ર શાળા પરિસર હર્ષોલ્લાસ અને રંગબેરંગી માહોલથી ગુંજી ઉઠ્યું હતું.

રમતોત્સવ

રમતોત્સવ અંતર્ગત વિવિધ રમતો યોજાઈ હતી, જેમાં રસ્સાખેંચ, સ્લો સાયકલ, ત્રિપગી દોડ, કાંગારુ દોડ, ફુગ્ગા ફોડવાની હરીફાઈ, લીંબુ-ચમચી દોડ વગેરેનો સમાવેશ થયો હતો. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને પોતાની રમતિયાળ પ્રતિભા દર્શાવી. આ તમામ સ્પર્ધાઓમાં પ્રથમ સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. રમતોત્સવ દ્વારા વિદ્યાર્થીઓમાં ટીમભાવના, શિસ્ત અને સ્પર્ધાત્મકતા વિકસિત થઈ.

આનંદોત્સવ

આનંદોત્સવ અંતર્ગત શાળાના વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા ૧૦ જુદા જુદા સ્ટોલ લગાવવામાં આવ્યા હતા. ખાણીપીણીની વિવિધ સ્વાદિષ્ટ વાનગીઓ પીરસવામાં આવી. વિદ્યાર્થીઓએ વેપાર કેવી રીતે કરવો, ગ્રાહકો સાથે વ્યવહાર કેવી રીતે કરવો અને નફો કેવી રીતે કમાવવો તેની પ્રાયોગિક માહિતી મેળવી. આ પ્રવૃત્તિએ વિદ્યાર્થીઓમાં વ્યવસાયિક સમજ અને આત્મનિર્ભરતા વધારી.

રંગોત્સવ (ધુળેટી ઉજવણી)

રંગોત્સવમાં વિદ્યાર્થીઓએ એકબીજાને રંગ લગાવીને ધુળેટીની ઉજવણી કરીઅને આનંદ માણ્યો. સૌએ પરસ્પર સ્નેહ અને એકતાની ભાવના સાથે રંગ રમ્યા. રંગોત્સવે વિદ્યાર્થીઓમાં મિત્રતા, સૌહાર્દ અને આનંદની લાગણી વધુ મજબૂત બનાવી.

મુખ્ય મહેમાનની ઉપસ્થિતિ

કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, સેક્ટર ૧૨, ગાંધીનગરના અધ્યક્ષ શ્રી હિમાંજય પાલીવાલે વિશેષ આમંત્રણ સ્વીકારી હાજરી આપી. તેમણે સંસ્કૃત ભાષામાં પ્રેરણાદાયક સંભાષણ કરીને વિદ્યાર્થીઓને ઉત્સાહિત કર્યા. તેમનું સંસ્કૃત ભાષણ વિદ્યાર્થીઓને અત્યંત પ્રિય લાગ્યું.

વિશેષ ઉપસ્થિતિ

નજીકની સેક્ટર ૧૩ ની સરકારી શાળાના વિદ્યાર્થીઓ અને ગુરુજનો પણ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. સેક્ટર ૧૩ ના બાળકોએ સંગીત ખુરશી સ્પર્ધામાં ભાગ લઈને આનંદ અનુભવ્યો અને ઈનામ પણ પ્રાપ્ત કર્યું.

ઉપસંહાર

આ રીતે રમતોત્સવ, આનંદોત્સવ અને રંગોત્સવનો સંયુક્ત કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો. સમગ્ર કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં એકતા, આનંદ, રમતિયાળ ભાવના અને વ્યવહારિક જ્ઞાનનો વિકાસ થયો.

તાપી નર્સિંગ સ્કુલ માં શપથ સમારોહ તેમજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ભવ્ય ઉજવણી

કમલમ્,
તાપી એજ્યુકેશન અકેડમી સંચાલિત તાપી નર્સિંગ સ્કુલ નો ૮ માર્ચ, ૨૦૨૬ના રોજ લેમ્પ લાઈટીંગ, શપથવિધિ સમારોહ સાથે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ની ઉજવણી નો કાર્યક્રમ ડો. શ્યામ પ્રસાદ મુખર્જી હૉલ ખાતે યોજાયો. આ કાર્યક્રમમાં પ્રથમ વર્ષના ૧૦૮ બી.એસ.સી.નર્સિંગ, જી.એન.એમ. અને એ.એન.એમ. ના વિદ્યાર્થીઓએ આ પ્રસંગે શપથ લીધી. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રજ્વલનથી થયો, જે માનનીય ઉપસ્થિત મહેમાનોના હસ્તે કરવામાં આવ્યો જે નર્સિંગ વ્યવસાયના પવિત્ર મુલ્યો જેવા કે સેવા, કરુણા, શિસ્ત અને સમર્પણ નું પ્રતિક છે ત્યારબાદ વિદ્યાથીઓએ ફ્લોરેન્સ નાઈટેંગલ પ્રતિજ્ઞા લીધી, જેમાં દર્દીઓને નિષ્ઠાપૂર્વક સેવા કરવા અને વ્યવસાય નૈતિકતા તથા માનવતાના મૂલ્યોનું પાલન કરવાનું સંકલ્પ કર્યું તેમજ જેઓનું સામાજિક ક્ષેત્રે નોંધપત્ર યોગદાન હોય તેવી મહિલાઓનું સન્માન સ્મૃતિ ભેટ, શાલ, ફુલનો છોડ અને ભગવદ્ગીતા સહીત સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે ગુજરાત નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખશ્રી ઈકબાલભાઈ કડીવાલા, ભાજપના પ્રમુખશ્રી સુરજભાઈ વસાવા, ભાજપના ઉપપ્રમુખશ્રી મૃણાલભાઈ જોશી , વ્યારા શહેરના અગ્રણી મહિલાઓ, સંસ્થાના ડીરેક્ટરશ્રીઓ તેમજ નર્સિંગ સ્કુલના પ્રિન્સીપાલ ઉપસ્થિત રહ્યા હતા. વક્તાઓએ નર્સિંગ ને માત્ર એક વ્યવસાય નહિ, પરંતુ માનવ સેવાના ક્ષેત્ર તરીકે મહત્વપૂર્ણ ગણાવ્યું .આ સમારોહ માં વાલીગણ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સમાપન આભાર વિધિ સાથે કરવામાં આવ્યું અને આવનાર શૈક્ષણિક વર્ષ માટે ટ્રસ્ટીશ્રીઓ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી.

વ્યારા ખાતે તાપી જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘની કારોબારી ની મીટીંગ યોજાઈ

કમલમ્,
વ્યારા ની કે કે કદમ કન્યા વિદ્યાલય ખાતે તાપી જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘની કારોબારી ની મીટીંગ નું આયોજન થયું હતું. આ મિટિંગ ની શરૂઆત મરણ પામેલા શિક્ષકો તેમજ તેમના પરિજનોને બે મિનિટનું મૌન પાડીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાથી કરવામાં આવી હતી. શિક્ષકોને લગતા જૂની પેન્શન યોજના ૩૦૦ રજાઓનું રોકડમાં રૂપાંતર સહિતના જુદા જુદા વિષયો ઉપર ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત તારીખ ૪ અને ૫ એપ્રિલના રોજ વડતાલ ખાતે યોજાનાર માધ્યમિક શિક્ષકોના અધિવેશન ના આયોજનની પણ ચર્ચા કરવામાં આવી હતી. આ અધિવેશનમાં મોટા પ્રમાણમાં શિક્ષકો જોડાઈ તે માટે આહવાન કરવામાં આવ્યું હતું. આ મીટીંગ દરમિયાન ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખ પદે બિનહરીફ વરણી પામનાર રુચિર દેસાઈનું સન્માન કરવામાં આવ્યું હતું તદ ઉપરાંત વર્ષોથી તાપી જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખ પદે સેવા પામનાર અને ટૂંક જ સમયમાં નિવૃત્ત પામનાર બુહારીના શિક્ષણ પ્રવીણ આહિરનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. પંચોલના શિક્ષક જગદીશ ગામીતને મીડિયા કન્વીનર તરીકે વરણી કરવામાં આવી હતી. આ મીટીંગ મા તાપી જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ શ્રી સંજય પટેલ મહામંત્રી શ્રી કાંતિ ચાવડા દ્વારા વિવિધ પ્રશ્નો બાબતે સવિસ્તાર માહિતી આપી આગામી કાર્યક્રમો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ મિટિંગમાં ઉપપ્રમુખ શ્રી નિલેશ ચૌધરી ,કોષાધ્યક્ષશ્રી વિજય રાણા , સંગઠન મંત્રી ગોપાલ પરમાર, અતુલ ગામીત સહિત શિક્ષક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા

સુરત જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રભારી ગૌતમ ભાઈ ગેડીયા ની ઉપસ્થિતિ માં બારડોલી ખાતે સંગઠનાત્મક બેઠક મળી

કાર્યકર્તા પોતાની જાતને સમજે, જે જવાબદારી મળી છે. તેમાં ખરા ઉતરીએ, દાયિત્વ નિભાવીએ.:ગૌતમ ગેડીયા.પ્રભારી.

કમલમ્,બારડોલી.
સુરત જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રભારી ગૌતમ ભાઈ ગેડીયા ની ઉપસ્થિતિ માં બારડોલી ખાતે સંગઠનાત્મક બેઠક જિલ્લા પ્રમુખ ભરતભાઈ રાઠોડ મહામંત્રીશ્રીઓ જગદીશ ભાઈ પારેખ, અંકુરભાઈ દેસાઈ , રોહિતભાઈ પટેલની ઉપસ્થિતિમાં મળી હતી. ભારતીય જનતા પાર્ટી સુરત જિલ્લા ની સંગઠનાત્મક બેઠક જિલ્લા પ્રમુખ ભરત ભાઈ રાઠોડ. અધ્યક્ષ સ્થાને જિલ્લા પ્રભારી ગૌતમ ભાઈ ગેડીયા ની ઉપસ્થિતિ માં બારડોલી ખાતે મળી હતી. જેમાં પ્રમુખ શ્રી ભરત ભાઈ રાઠોડે સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું. કે. દરેક કાર્યકર્તાએ પોતાની ફરજ સમજીને જવાબદારી થી કામ કરે. ત્યાર બાદ મહામંત્રી શ્રી જગદીશ ભાઈ પારેખએ સંગઠનાત્મક પ્રાથમિક વિસ્તૃત માહિતિ આપી હતી. ત્યાર બાદ સુરત જિલ્લાના પ્રભારી શ્રી ગૌતમ ભાઈ ગેડીયા એ પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યું હતું. કે. પાર્ટીના કાર્યકર્તા તરીકે આપણી શું જવાબદારી છે. તે સમજીને કામ કરે. કોઈ પદ નાનું નથી હોતું. તમને મળેલી જવાબદારીમાં ખરા ઉતરીએ. અને નિષ્ઠા અને ફરજ સમજીને યોજના બધ આયોજન દુરંદેશી થી પાર્ટી ના સંગઠનનો વ્યાપ વધારવા નું કામ કામ કરીએ. ત્યાર બાદ આ બેઠક્નું સંચાલન મહામંત્રી શ્રી જગદીશ ભાઈ પારેખ એ કર્યું હતું. જ્યારે આભાર વિધિ મહામંત્રીશ્રી અંકુરભાઈ દેસાઈ એ કરી હતી. આ બેઠકમાં જિલ્લા સંગઠનના તમામ મંડળો ,મોરચા, સેલ, ના પ્રમુખો , મહામંત્રીઓ, તથા અપેક્ષિત કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

કમલમ્, શૈશવ રાવ
નર્મદા જિલ્લાના રાજપીપળા સ્થિત કમલમ ખાતે ભારતીય જનતા પાર્ટીના મહિલા મોરચા દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે જિલ્લા કક્ષાનું મહિલા સંમેલન યોજાયું હતું. જેમાં જિલ્લાભરની મોટી સંખ્યામાં મહિલા કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન ગીતાબેન રાઠવા (પ્રદેશ ઉપપ્રમુખ, ભાજપ મહિલા મોરચા) દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય ઉપસ્થિતિ તરીકે નીલભાઈ રાવ (પ્રમુખ, નર્મદા જિલ્લા ભાજપ), હર્ષદભાઈ વસાવા (પ્રદેશ કારોબારી સભ્ય) અને અર્જુનભાઈ ચૌધરી (નર્મદા જિલ્લાના પ્રભારી) હાજર રહ્યા હતા. આ ઉપરાંત શીતલબેન તડવી (નર્મદા જિલ્લા મહિલા મોરચા પ્રમુખ) સાથે મહિલા આગેવાનો શ્રદ્ધાબેન બારીયા, જીગ્નેશાબેન ભટ્ટ અને ભારતીબેન તડવી સહિત જિલ્લાભરની મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી. સંમેલનમાં મહિલાઓના સશક્તિકરણ, સંગઠનને વધુ મજબૂત બનાવવાની સાથે સરકારની વિવિધ યોજનાઓને સમાજના છેવાડા સુધી પહોંચાડવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન મહિલા આગેવાનોએ મહિલાઓને સમાજના વિકાસમાં સક્રિય ભાગ ભજવવા તેમજ સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે પ્રેરણા આપી હતી. સાથે જ જિલ્લાની પ્રતિભાશાળી મહિલાઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. આમ, મહિલા દિવસ નિમિત્તે આયોજિત આ જિલ્લા કક્ષાનું મહિલા સંમેલન ઉત્સાહપૂર્ણ માહોલમાં સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.

બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ, જૂનાગઢના વિદ્યાર્થીઓ માટે લર્નિંગ એન્ડ એક્સપોઝર કમ સ્ટડી ટુર અંતર્ગત રાષ્ટ્રીય સેમિનારમાં સહભાગિતા

કમલમ્, જૂનાગઢ
બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ, જૂનાગઢ દ્વારા આચાર્યશ્રી ડો. જે. આર. વાંઝા સાહેબના માર્ગદર્શન હેઠળ તૃતીય વર્ષ વિનયન (B.A.) શાખાના વિદ્યાર્થીઓ માટે એક વિશેષ 'લર્નિંગ એન્ડ એક્સપોઝર કમ સ્ટડી ટુર'નું તારીખ:૦૭/૦૩/૨૦૨૬ના રોજ સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ શૈક્ષણિક પ્રવાસનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને વર્ગખંડની બહાર વ્યાવહારિક અને રાષ્ટ્રીય સ્તરનું જ્ઞાન પૂરું પાડવાનો હતો. આ સ્ટડી ટુર અંતર્ગત ધારી ખાતે આવેલ યોગીજી મહારાજ વાણિજ્ય અને વિનયન મહાવિદ્યાલયમાં 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦' (NEP ૨૦૨૦)ની થીમ પર આયોજિત રાષ્ટ્રીય કક્ષાના સેમિનારમાં કોલેજના ૭૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સેમિનારમાં મુખ્ય અતિથિ તરીકે યુપીએસસી (UPSC) ના પૂર્વ ચેરમેન શ્રી મનોજ સોની અને અધ્યક્ષ સ્થાને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ ડો. પ્રતાપસિંહજી ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારમાં સક્રિય રીતે ભાગ લેનાર તમામ ૭૪ વિદ્યાર્થીઓને વિશેષ પાર્ટિસિપેશન સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. સેમિનાર પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓએ ગળધરા ખોડિયાર ખાતે ખોડિયાર માતાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ, તમામ વિદ્યાર્થીઓએ આંબરડી સફારી પાર્કની મુલાકાત લીધી હતી. અહીં વિદ્યાર્થીઓએ ઈન્ટરપ્રિટેશન પાર્ક મારફતે એશિયાટિક સિંહોની પ્રકૃતિ, તેમની વિવિધ પ્રજાતિઓ, વર્તમાન સમયમાં સિંહોની અંદાજિત સંખ્યા અને જંગલના ઈકોસિસ્ટમ (પર્યાવરણ તંત્ર) વિશે વિસ્તૃત અને રસપ્રદ માહિતી મેળવી હતી અને સિંહ દર્શનનો અદભુત લ્હાવો લીધો હતો. આ સમગ્ર સ્ટડી ટુરમાં તૃતીય વર્ષ વિનયન શાખાની ૫૧ વિદ્યાર્થીની બહેનો અને વિદ્યાર્થી ભાઈઓ જોડાયા હતા. આ પ્રવાસના પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર તરીકે શ્રી ભાવસિંહ બારડ દ્વારા ઉત્કૃષ્ટ સંચાલન કરવામાં આવ્યું હતું. સમગ્ર પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓના માર્ગદર્શન, સલામતી અને વ્યવસ્થાપન માટે સિનિયર પ્રાધ્યાપક શ્રી આર. એચ. પરમાર, ડો. દીનાબેન લોઢીયા, ડો. ભરત રાઠોડ, પ્રાધ્યાપક શ્રી ભાવિક ચાવડા તેમજ શ્રી અમિતભાઈ આચાર્ય વગેરે સ્ટાફ મિત્રો સતત વિદ્યાર્થીઓ સાથે રહ્યા હતા. સુંદર આયોજન કરીને આ શૈક્ષણિક પ્રવાસને અત્યંત સફળ બનાવ્યો હતો. કાર્યક્રમની આ ભવ્ય સફળતા બદલ કોલેજના આચાર્યશ્રીએ જોડાયેલ તમામ પ્રાધ્યાપક મિત્રો અને વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

વિશ્વમાં બદલાતા પ્રવાહની સાથે રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ક્ષેત્રે યુનિવર્સિટીઓની ભૂમિકા અગત્યની: સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા

રાજ્યમાં વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતા ઇકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવા ગાંધીનગર ખાતે પ્રથમવાર 'વાઈસ ચાન્સેલર મીટ' યોજાઈ

કમલમ્,

વિશ્વમાં બદલાતા પ્રવાહની સાથે રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ક્ષેત્રે રાજ્યની યુનિવર્સિટીઓની ભૂમિકા અગત્યની છે. નવા બદલાવની સાથે આપણી યુનિવર્સિટીઓએ તાલ મિલાવવો પડશે. યુનિવર્સિટીઓ માત્ર શિક્ષણ કેન્દ્રો નહીં પરંતુ શોધ, નવીનતા અને ઉદ્યોગસાહસિકતાના સશક્ત કેન્દ્રો તરીકે વિકસવી જોઈએ. વૈજ્ઞાનિક ચેતના અને ટેકનોલોજીકલ નેતૃત્વનું સંવર્ધન વડાપ્રધાનશ્રીના 'વિકસિત ગુજરાત અને વિકસિત ભારત @2047"ના સપનાને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેમ, સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું. સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાની અધ્યક્ષતામાં તેમજ શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાની વિશેષ ઉપસ્થિતિમાં રાજ્યમાં વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતા ઇકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવા અંગેની વ્યૂહરચના માટે આજે ગાંધીનગર ખાતે રાજ્યમાં પ્રથમવાર એક દિવસીય 'વાઈસ ચાન્સેલર મીટ' યોજાઈ હતી. મંત્રી શ્રી મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતમાં વર્ષ ૨૦૦૩માં સૌપ્રથમ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની રચના કરવામાં આવી હતી. જેના પરિણામે આજે આ વિભાગ અંતર્ગત સાયન્સ એન્ડ ટેકનોલોજી ક્ષેત્રે અનેકવિધ નવા સંશોધનો હાથ ધરવામાં આવી રહ્યા છે. યુનિવર્સિટી આ ક્ષેત્રે રાજ્યના ટેલેન્ટ યુવાધનને સમયને અનુરૂપ તાલીમ આપી સક્ષમ કરે તે જરૂરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા આગામી વર્ષના બેજટમાં શિક્ષણ ક્ષેત્રસૌથી વધુરૂ. ૮૨ હજાર કરોડનું બજેટફાળવીનેશિક્ષણને નવી દિશા આપવાનો સંકલ્પ કર્યો છે. નાણાના અભાવે કોઈપણ સંશોધન કાર્યઅટકે નહીં તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા જે સંશોધન થાય છે જેનો સીધો લાભ ખેડૂતો અને દેશના નાગરીકોનેથઈ રહ્યોછે, આ દિશામાં આપણી યુનિવર્સિટીઓને પણ કામ કરવું પડશે. કોઈ પણ બિઝનેશ માટે તેને અનુરૂપ ઇકોસિસ્ટમ વિકસાવી જોઈએ તોજ સારૂ પરિણામ મળી શકે. સેમી કંડક્ટર ક્ષેત્રે ગુજરાત દેશનું હબ બનવા જઈ રહ્યું છે તેની પાછળ રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ અગત્યની ભૂમિકા ભજવે છે. આ માટે યુનિવર્સિટીઓએ અલગ વ્યવસ્થા વિકસાવવી જોઈએ તેમ, મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્યમાં ચાલતા આર્ટસ, કોમર્સ અને સાયન્સ સહિત તમામ ફેકલ્ટીમાં વર્તમાન ટેકનોલોજી, કોમ્પ્યુટર અને AI આધારિત અભ્યાસક્રમ હોવો જોઈએ જેથી આવનાર પેઢી આ વિષયથી માહિતગાર થઈ શકે. શિક્ષણ ક્ષેત્રે આ બદલાવ કરવાથી રોજગારીની તકોમાં પણ વધારો થશે. યુનિવર્સિટીઓને રાજ્યની વિવિધ નીતિઓ સાથે જોડાઈને સમાજ, ઉદ્યોગ અને ટકાઉ વિકાસ માટે જ્ઞાનને ઉપયોગી ઉકેલમાં રૂપાંતરિત કરવા પ્રોત્સાહિત કરવા મંત્રીશ્રીએ આ પ્રસંગે સૌને ઉત્સાહિત કર્યા. શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ સાયન્સએન્ડ ટેકનોલોજી વિભાગને આ નવીન પહેલ બદલ અભિનંદન આપતા જણાવ્યું હતું કે, યુનિવર્સિટીઓ આગામી પેઢીના વૈજ્ઞાનિકો, ટેકનોલોજિસ્ટો અને નવીન વિચારકોને ઘડવામાં મહત્વપૂર્ણ પરિવર્તનકારી ભૂમિકા ભજવી રહી છે. વડાપ્રધાનશ્રીના 'વિકસિત ભારત @ 2047'ના વિઝનનેસાકાર કરવા ગુજરાત ગ્રોથ એન્જિનની ભૂમિકા ભજવી રહ્યું છે. શિક્ષણમાં ટેલેન્ટપુલ, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના જેવી શિક્ષણલક્ષી યોજનાઓના પરિણામે કોલેજમાં વિદ્યાર્થીઓની હાજરી અને નવીન પ્રવેશમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છતેમ, મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મુકેશ કુમારે કહ્યું હતું કે, રાજ્યમાં ડીપ્લોમા ટુ ડિગ્રી પ્રોગ્રામમાં બદલાવ આવવાના પરિણામે આ ક્ષેત્રે પ્રવેશમાં વધારો થયો છે. યુનિવર્સિટીઓના માધ્યમથી રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઉપર વધુ ભાર મુકવામાં આવશે તો રોજગારીની તકોમાં પણ નોંધપાત્ર વધારો થશે. સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સચિવ શ્રીમતી પી. ભારતીએ બેઠકની રૂપરેખા આપતા કહ્યુ હતુ કે, વિકસિત ભારત ૨૦૪૭નું સ્વપ્ન સાકાર કરવા યુનિવર્સિટીઓ મહત્વની ભૂમિકા ભજવે એ સમયની માંગ છે. તેમણે ગ્લોબલ નોલેજ ક્ષેત્રે ગુજરાત-ભારત કેવી રીતે પોતાની સ્થિતિ વધુ મજબૂત કરી શકે તે માટે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા તૈયાર કરાયેલા વિવિધ ફોકસ એરિયા-ગોલ રજૂ કર્યા હતા. યુનિવર્સિટીઓને નવીન સંશોધન ક્ષેત્રે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા તમામ પ્રકારની મદદ કરવા સચિવશ્રીએ આ પ્રસંગે ઉમેર્યું હતું. કાર્યક્રમના પ્રારંભે ગુજકોસ્ટના સલાહકાર અને સભ્ય સચિવ ડૉ. નરોત્તમ સાહુએ સૌને આવકાર્યા હતા. મહાનુભાવોની ઉપસ્થિતિમાં AI સહિતની વિવિધ ટેકનોલોજી ક્ષેત્રે GIL અને GNLU વચ્ચે મહત્વના MOU કરવામાં આવ્યા હતા. વધુમાં આ બેઠકમાં ગુજરાત ઇન્ફોર્મેટીક લિમિટેડ, ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન, ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી, ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટર, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ઇન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ, સાવલી ટેકનોલોજી એન્ડ બિઝનેસ ઇક્યુબેટર, ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી વગેરે સંસ્થાઓ દ્વારા સાયન્સ એન્ડ ટેકનોલોજી ક્ષેત્રે કરેલી કામગીરી અને તેમાં સંશોધન ક્ષેત્રની સંભાવનાઓ રજૂકરી હતી. આ એક દિવસીય વિચારમંથનમાં STEM શિક્ષણ અને ક્ષમતા વિકાસને મજબૂત બનાવવું, સંશોધન અને વિકાસ માટે નવી તકો ઊભી કરવી, નવીનતા, સ્ટાર્ટ અપ્સ અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવું, બુદ્ધિ સંપદા અધિકાર (IPR) સંસ્કૃતિને પ્રોત્સાહિત કરવું, વિજ્ઞાન સંચાર અને જાહેર જોડાણને વિસ્તૃત બનાવવું જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન કુલપતિઓએ સંશોધનની ગુણવત્તા વધારવા, વિદ્યાર્થીઓમાં નવીનતા પ્રોત્સાહિત કરવા, ઉદ્યોગ–શૈક્ષણિક સહકાર મજબૂત બનાવવા અને યુનિવર્સિટી કેમ્પસમાં સાયન્સ એન્ડ ટેકનોલોજી કાર્યક્રમોના અસરકારક અમલીકરણ અંગે મહત્વપૂર્ણ સૂચનો રજૂ કર્યા. કાર્યક્રમના અંતે તમામ નીતિ નિર્માતાઓ, શૈક્ષણિક આગેવાનો અને સંસ્થાઓએ સંકલ્પ વ્યક્ત કર્યો કે તેઓ મળીને વૈજ્ઞાનિક રીતે સશક્ત યુવાનોનું ઘડતર, સંશોધન શ્રેષ્ઠતાનું સંવર્ધન અને ગુજરાતને વૈશ્વિક વિજ્ઞાન-ટેકનોલોજી કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાની દિશામાં સક્રિય રીતે કાર્ય કરશે. આ ઉચ્ચ સ્તરીય વિચારમંથન બેઠકમાં ગુજરાતની રાજ્ય, કેન્દ્રીય, ડીમ્ડ અને ખાનગી યુનિવર્સિટીઓના કુલપતિઓ, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, વિવિધ સંસ્થાઓના વરિષ્ઠ અધિકારીઓ તેમજ વિજ્ઞાન અને નવીનતા ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



Sankalchand Patel University ના વિદ્યાર્થીઓ AIU ના ૩૯મા ઇન્ટર યુનિવર્સિટી નેશનલ યુથ ફેસ્ટિવલ– ૨૦૨૬માં ભાગ લેવા ચેન્નાઈ જવા રવાના

કમલમ્,વિસનગર

Sankalchand Patel University ના વિદ્યાર્થીઓ પ્રતિષ્ઠિત **39th Inter University National Youth Festival (2025–26)** માં ભાગ લેવા માટે ઝરીહલ્લે જવા રવાના થયા છે. આ રાષ્ટ્રીય સ્તરના યુથ ફેસ્ટિવલનું આયોજન **Association of Indian Universities** દ્વારા કરવામાં આવે છે, જેમાં દેશભરની વિવિધ યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ સંગીત, નૃત્ય, નાટ્ય, સાહિત્ય અને વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પોતાની પ્રતિભા પ્રદર્શિત કરે છે. આ પહેલાં **Sankalchand Patel University** ની ટીમ **West Zone Inter University Youth Festival** માં દ્વિતીય સ્થાન (**Second Position**) પ્રાપ્ત કરીને મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી હતી. આ ઉત્તમ પ્રદર્શનના આધારે હવે ટીમને રાષ્ટ્રીય સ્તરે યોજાતા **Inter University National Youth Festival** માં ભાગ લેવા માટે પસંદગી મળેલી છે, જે યુનિવર્સિટી માટે ગૌરવની બાબત છે. **Prakash Patel, Hon'ble President of Sankalchand Patel University** ના પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ તથા **Dr. P. M. Udani ((Provost)y™u Dr. Parimal Trivedi (Registrar)** ના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ આ રાષ્ટ્રીય યુથ ફેસ્ટિવલમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે. આ યુથ ફેસ્ટિવલમાં યુનિવર્સિટીને પ્રતિનિધિત્વ આપનાર વિદ્યાર્થીઓના નામ નીચે મુજબ છે:

૧. પ્રિશા અગ્રવાલ – નરસિંહભાઈ પટેલ ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલ
૨. જાનીઆ યુષીબેન – નૂતન કોલેજ ઓફ નર્સિંગ
૩. સૃષ્ટિ કેવલકુમાર પટેલ – નરસિંહભાઈ પટેલ ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલ
૪. પટેલ શીખા – સાકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ (MBA)
૫. જાની વૈશાલી – નૂતન કોલેજ ઓફ ફિઝિયોથેરાપી
૬. પટેલ ગ્રેનલ – નૂતન કોલેજ ઓફ ફિઝિયોથેરાપી
૭. પટેલ રાજવી – નરસિંહભાઈ પટેલ ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલ
૮. મોદ કવિશા – નૂતન મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર
૯. પટેલ દ્રષ્ટિ – નૂતન મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર
૧૦. સાક્ષી ગઢવી – નૂતન મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર
૧૧. રામી રિદ્ધિ કલ્પેશકુમાર – સાકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ (MBA)
૧૨. કંથારિયા ભૂમિક સુરેશભાઈ – સાકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ (MBA)

ટીમ સાથે માર્ગદર્શન અને સંકલન માટે જોડાયેલા સભ્યો: **Dr. J. J. Patel – Associate Dean, Student Affairs ,Dr. Dhara Patel –Assistant Professor,Umang Pandya – Choreographer**

યુનિવર્સિટી પરિવાર દ્વારા તમામ પ્રતિભાગીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. વિદ્યાર્થીઓ ઉત્સાહ અને આત્મવિશ્વાસ સાથે **Chennai** જઈ રહ્યા છે અને રાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભા પ્રદર્શિત કરીને **Sankalchand Patel University** ને ગૌરવ અપાવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. આ પ્રસંગે યુનિવર્સિટી પરિવાર દ્વારા સમગ્ર ટીમને અભિનંદન પાઠવી તેમને રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પ્રદર્શન કરવા માટે હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

ગણદેવીના ખાપરીયા ગામે રૂ. ૩.૫૧ લાખના પરકોલેશન પિટ અને રિચાર્જ પિટની કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે મુલાકાત લીધી

જળ સંચય અને પાણી સંરક્ષણ માટે વોટર હાર્વેસ્ટિંગ તથા રૂફટોપ રેન વોટર હાર્વેસ્ટિંગનું ખાતમુહૂર્ત કરાયું

કમલમ્,નવસારી

કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલે ગણદેવી તાલુકાના ખાપરીયા ગામે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અંતર્ગત જિલ્લા જળસ્રાવ વિકાસ એકમ, નવસારી દ્વારા રૂ. ૩.૫૧ લાખના ખર્ચે નિર્માણકરાયેલા પરકોલેશન પિટ, બોર રિંચિંગ અને રિચાર્જ પિટની મુલાકાત લીધી હતી. આ કામગીરી દ્વારા વરસાદી પાણીના સંચય અને ભૂગર્ભ જળસ્તર વધારવા માટે મહત્વપૂર્ણ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. આ પ્રસંગેતમણે વોટર હાર્વેસ્ટિંગ અને રૂફટોપ રેન વોટર હાર્વેસ્ટિંગ કામગીરીનું ખાતમુહૂર્ત પણ કર્યું હતું. આ પ્રોજેક્ટથી વિસ્તારમાં પાણી સંરક્ષણને પ્રોત્સાહન મળશે અને ગ્રામ્ય વિસ્તારોમાં જળ વ્યવસ્થાપન વધુ મજબૂત બનશે. આ મુલાકાત દરમિયાન રાજ્યના પાણી પુરવઠા મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ અને આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પરેશભાઈ દેસાઈ , નવસારી ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈ , ભારત સરકારના પેયજળ અને સ્વચ્છતા વિભાગના અધિક સચિવ અને મિશન ડાયરેક્ટર શ્રી કમલ કિશોર સોન,નવસારી જિલ્લા કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રે , જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રાહુલ પટેલ સહિત અધિકારીશ્રી ઉપસ્થિત રહ્યા હતા.

વંદેમાતરમ ચોક ખાતે યોજાયેલા કાર્યક્રમમાં અગ્રણીઓની ઉપસ્થિતિમાં ગણદેવીના વિકાસને નવી ગતિ

કેન્દ્રીય જલ શક્તિ મંત્રીશ્રી સી.આર. પાટીલના હસ્તે ગણદેવી નગરપાલિકાના રૂ. ૨.૯૫ કરોડના ૧૯ પ્રજાલક્ષી વિકાસ કાર્યોનું લોકાર્પણ

કમલમ્,નવસારી

ગણદેવી નગરપાલિકા વિસ્તારમાં નાગરિક સુવિધાઓને વધુ મજબૂત બનાવવાના સંકલ્પ સાથે રૂ. ૨.૯૫ કરોડના કુલ ૧૯ પ્રજાલક્ષી વિકાસ કાર્યાનું લોકાર્પણ ભારત સરકારના જલ શક્તિ મંત્રી અને નવસારીના સંસદસભ્યશ્રી સી.આર.પાટીલના હસ્તે વિધિવત રીતે કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ગુજરાત રાજ્ય સરકારના આદિજાતી વિકાસ વિભાગના મંત્રીશ્રી નરેશભાઈ પટેલ , રાજ્યના પાણી પુરવઠા અને જળસંપત્તિ વિભાગના મંત્રી ઈશ્વરભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી પરેશભાઈ દેસાઈ તથા નવસારીના ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ , અધિક સચિવ અને મિશન ડાયરેક્ટર શ્રી કમલ કિશોર સોન ,જિલ્લા કલેક્ટરશ્રી ક્ષિપ્રા આગ્રે , નવસારી પોલીસ અધિક્ષકશ્રી રાહુલ પટેલ, સહિત આગેવાનો અને મોટી સંખ્યામાં નાગરિકે ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન શહેરના વિકાસ માટે હાથ ધરાયેલા વિવિધ કામો અંગે માહિતી આપવામાં આવી હતી તથા નાગરિકોને આ સુવિધાઓનો સદુપયોગ કરી શહેરને સ્વચ્છ, ,સુવ્યવસ્થિત અને વિકાસમુખી બનાવવામાં સહભાગી બનવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

કમલમ્,

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરિકોની સુવિધા માટે નવનિર્મિત સ્વ. બંસીભાઈ પ્રાણલાલ પટેલ બોડકદેવ સબ-ઝોનલ ઓફિસનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તેવિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું. મુખ્યમંત્રીશ્રીએ અન્ય ઉપસ્થિત મહાનુભાવો સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની નવનિર્મિત સબ ઝોનલ ઓફિસનું નિરીક્ષણ કર્યું હતું. આ નવું વહીવટી કેન્દ્ર પશ્ચિમ ઝોનના વિસ્તારમાં આવતા નાગરિકો માટે વહીવટી સરળતાનું માધ્યમ બનશે. આ અત્યાધુનિક સબ-ઝોનલ ઓફિસના કાર્યરત થવાથી બોડકદેવ અને તેની આસપાસના વિસ્તારના રહીશોને હવે મ્યુનિસિપલ કોર્પોરેશનને લગતા કામકાજ માટે મુખ્ય ઝોનલ ઓફિસ સુધી જવું પડશે નહીં. આ ભવનમાં ટેક્સ કલેક્શન, સિવિક સેન્ટર અને વિવિધ વહીવટી સેવાઓ માટે અદ્યતન માળખાગત સુવિધાઓ ઊભી કરવામાં આવી છે, જેનો સીધો લાભ સ્થાનિક જનતાને મળશે.આ સુવિધાથી પશ્ચિમ અમદાવાદના વહીવટી માળખામાં નોંધપાત્ર સુધારો થશે અને નાગરિકોના સમય અને શક્તિની બચત થશે. આ પ્રસંગે મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન, મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધી પાની, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, સંગઠનના અગ્રણીશ્રીઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનના પદાધિકારીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે ઘાટલોડિયા ખાતે મહેસૂલ તથા અન્ન નાગરિક પુરવઠા વિભાગની કચેરીઓનું ખાતમુહૂર્ત સંપન્ન

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઘાટલોડિયા વિસ્તારના નાગરિકો માટે સરકારી સેવાઓ વધુ સુગમ બનાવવાનું આયોજન

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે અમદાવાદના ઘાટલોડિયા ખાતે મહેસૂલ વિભાગની સરકારી ચાવડી તથા અન્ન અને નાગરિક પુરવઠા કચેરીનો નવનિર્મિત થનાર ભવનનો ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. ઉલ્લેખનીય છે કે જિલ્લા વહીવટી તંત્રની આ નવીન કચેરીઓના નિર્માણથી ઘાટલોડિયા વિસ્તારના નાગરિકોને સરકારી સેવાઓ વધુ સુગમતાથી અને એક જ સ્થળે ઉપલબ્ધ થશે. આ પ્રસંગે અમદાવાદના કલેક્ટર શ્રી સુજીત કુમાર, મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન, ડેપ્યુટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓતેમજ કર્મચારીઓ અને સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

રૂ. ૧૭૩.૨૫ કરોડના ખર્ચે ધોલાઈ–માસા–કૃષ્ણપુર ન્યુ લિંક રોડનું ખાતમુહૂર્ત કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલના હસ્તે વિકાસકાર્યને ગતિ

કમલમ્,નવસારી

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાંથી પસાર થનારા રૂ.૧૭૩.૨૫ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ન્યુ લિંક ધોલાઈ–માસા–કૃષ્ણપુર રોડના કામનું ખાતમુહૂર્ત કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ મહત્વપૂર્ણ પ્રકલ્પથી વિસ્તારમાં આવનારા સમયમાં પરિવહન વ્યવસ્થા વધુ સુગમ બનશે કનેક્ટિવિટી મજબૂત બનશે. આ પ્રસંગે ગ્રામજનોને સંબોધતા મંત્રીશ્રી સી.આર. પાટીલએ જણાવ્યુંહતું કે રાજ્યસ્તરે અને કેન્દ્રસરકાર દ્વારા સુવિધાસભર રસ્તાઓનું નિર્માણકરી વિકાસને નવી દિશા આપવામા આવી રહી છે.

તેમણે ઉમેર્યું કે ગુજરાત રાજ્યમાં આકાર પામી રહેલા કોસ્ટલહાઈવેઅંતર્ગત ધોલાઈ–માસા–કૃષ્ણપુર રોડ બનવાથી નવસારી જિલ્લાના વિકાસને વધુ વેગ મળશે અને ઉદ્યોગ, ખેતી તથા વેપાર ક્ષેત્રે નવી તકો ઉભી થશે. સાથે નવસારી વિસ્તારની કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે. વધુમાં મંત્રીશ્રી જણાવ્યું કે , ભવિષ્યમાં નવસારી જિલ્લામાં પી.એમ મિત્ર પાર્ક જેવા મોટા પ્રકલ્પો માટે મજબૂત માર્ગ કનેક્ટિવિટી અત્યંત જરૂરી છે. આવા માર્ગ પ્રકલ્પો અમલમાં આવવાથી ઉદ્યોગિક વિકાસને પ્રોત્સાહન મળશે અને વિસ્તારમાં રોજગારીના અવસર વધશે. કાર્યક્રમમાં ઉપસ્થિત આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે આવા મહત્વપૂર્ણમાર્ગપ્રકલ્પોથી ગામડાંઓ શહેરો સાથે વધુ સારી રીતે જોડાશે, જેના પરિણામે સ્થાનિકલોકોને રોજગારી અને વ્યવસાયની નવી તકો પ્રાપ્ત થશે.

આ સાથે જિલ્લા કલેક્ટરશ્રી ક્ષિપ્રા આગ્રે દ્વારા સ્વાગત પ્રવચન કરી પ્રકલ્પની ટેકનિકલ વિગતો રજૂ કરી હતી કાર્યક્રમના પ્રારંભમાં નવસારી કાર્યપાલક ઈજનેરશ્રી એમ .એસ.પટેલ દ્વારા ધોલાઈ – માસા-કૃષ્ણપુર-ન્યુ લિંક રોડની વિગતવાર માહિતી મંપના માધ્યમ થકી મંત્રીશ્રીઓ તથા મહાનુભવોને આપી હતી.

આ પ્રસંગે રાજ્યના પાણી પુરવઠા અને જળસંપત્તિ વિભાગના મંત્રી ઈશ્વરભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી પરેશભાઈ દેસાઈ તથા નવસારીના ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ ,ભારત સરકારના પેયજળ અને સ્વચ્છતા વિભાગના અધિક સચિવ અને મિશન ડાયરેક્ટર શ્રી કમલ કિશોર સોન, પેયજળ ડિરેક્ટરશ્રી હરિ નારાયણ, નવસારી જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પલતા, નવસારી પોલીસ અધિક્ષકશ્રી રાહુલ પટેલ સહિત જિલ્લાના અધિકારીઓ, આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય જળ શકિત મંત્રીશ્રી સી.આર. પાટીલ દ્વારા મેંધર ગામે ફ્લડ વોટર ડ્રેઇન કામોની મુલાકાત લીધી

કમલમ્,નવસારી

કેન્દ્રીય જળ શકિત મંત્રાલયના કેબિનેટ મંત્રી શ્રી સી.આર.પાટીલ દ્વારા ગણદેવી તાલુકાના મેંધર ગામે ફ્લડ વોટર ડ્રેઇન કામોની સ્થળ મુલાકાત લીધી હતી. આ અવસરે તેમની સાથે આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ અને પાણી પુરવઠા અને જળસંપત્તિ વિભાગના રાજ્યમંત્રી ઈશ્વરભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહયાં હતાં. આ અવસરે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી પરેશભાઈ દેસાઈ, નવસારીના ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ , અધિક સચિવ અને મિશન ડાયરેક્ટર શ્રી કમલ કિશોર સોન , પેયજળ ડિરેક્ટરશ્રી હરિ નારાયણ, જિલ્લા કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પલતા, નવસારી પોલીસ અધિક્ષકશ્રી રાહુલ પટેલ સહિત ગામ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ગણદેવીના રહેજ ગામે સુજલામ શકિત દિવસ નિમિત્તે કેન્દ્રીય જલ શકિત મંત્રી સી.આર. પાટીલના અદયક્ષસ્થાને જલ મહોત્સવ અને જલ અર્પણ દિવસની ભવ્ય ઉજવણી કરાઈ

લોકભાગીદારી અને મહિલાઓની સક્રિય ભાગીદારીથી જ જળ સંરક્ષણના પ્રયાસોને વધુ સફળ બનાવી શકાય છેઃ આદિજાતિ વિકાસ મંત્રી

પાણીનો સંયમપૂર્વક ઉપયોગ કરવા તથા જળ સંરક્ષણ માટે દરેક નાગરિકે સક્રિય ભાગીદારી નિભાવવી - કેન્દ્રીય જલ શક્તિ મંત્રી સી.આર.પાટીલ

કમલમ્,

ભારત સરકારના જલ શક્તિ મંત્રાલય દ્વારા ઉજવાતા "સુજલામ શક્તિ દિવસ"નિમિત્તે જલ જીવન મિશન કાર્યક્રમ અંતર્ગત નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના રહેજ ગામ ખાતે "જલ મહોત્સવ અને જલ અર્પણ દિવસ"ની ઉજવણી કેન્દ્રીય જલ શક્તિ મંત્રી અને નવસારીના સંસદસભ્ય શ્રી સી.આર. પાટીલના અધ્યક્ષસ્થાને ઉત્સાહભેર યોજાયો હતો. કાર્યક્રમના પ્રારંભેકેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલ, પાણી પુરવઠા મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ, આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે જલ અર્પણ કુંડમાં પ્રતિકાત્મક જલ અર્પણ કરવામાં આવ્યું હતું.આ પ્રતિકાત્મક વિધિ દ્વારા જળ સંરક્ષણ, પાણી પ્રત્યે આદરભાવ અને સંવર્ધનની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. મહિલા દિવસની શુભકામનાઓ પાઠવી કેન્દ્રીય જલ શક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા મહિલાઓના આરોગ્ય, શિક્ષણ અને સુરક્ષા માટે અનેક મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૪૭ સુધી વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં મહિલાઓની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ ગણાવી છેઅને તેમાં મહિલાઓનો ફાળો અમૂલ્ય છે. સ્વચ્છતા જાળવવી એ આપણી સૌની નૈતિક ફરજ છે. સરકારની વિવિધ યોજનાઓના અમલથી છેવાડાના ગામડાંઓ સુધી પીવાનું પાણી પહોંચ્યું છે અને આજે સરકારના પ્રયાસોથી ઘરે ઘરે નળથી જળ"ની સુવિધા ઉપલબ્ધ બની છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પાણી આપણા જીવન માટે અત્યંત અમૂલ્ય ભેટ છે, તેથી દરેક નાગરિકે પાણીનો યોગ્ય વપરાશ કરવો આવશ્યક છે. પાણી બચાવવા માટે વોટર હાર્વેસ્ટિંગ જેવી વ્યવસ્થાઓ ઉભી કરવા માટે તમામ લોકોએ સહયોગ કરવો જોઈએ. જળ જીવન મિશન માટે બજેટમાં કરોડની ફાળવણી કરવામાં આવી છે, જેના કારણે દેશભરમાં જળ સંચય અને પાણી પુરવઠાની કામગીરીને વધુ વેગ મળ્યો છે. જલ જીવન મિશનના અમલથી ગામડાંઓમાં શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવાનો રાષ્ટ્રીય સંકલ્પ સાકાર થઈ રહ્યો છે. રહેજ ગામમાં આંતરિક પેયજળ યોજનાની પૂર્ણતા ગામના વિકાસ માટે મહત્વપૂર્ણ સિદ્ધિ છે. તેમણે પાણીનો સંયમપૂર્વક ઉપયોગ કરવા તથા જળ સંરક્ષણ માટે દરેક નાગરિકે સક્રિય ભાગીદાર બનવાની અપીલ કરી હતી.

આ પ્રસંગેઆદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગણદેવી તાલુકાના ઘણા ગામોમાં અગાઉ દરિયાકાંઠાના વિસ્તારમાં હોવાને કારણે ભૂગર્ભમાં ખારું પાણી આવવાની સમસ્યા હતી. રાજ્ય સરકારના પ્રયાસોથી હવેઆ સમસ્યાનું નિરાકરણઆવી રહ્યા છે , તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પાણી અમૂલ્ય સંપત્તિ છે, તેથી તેનો બગાડ થવો જોઈએ નહીં. આજે સમગ્ર દેશમાં જળ સંચય અભિયાનને વેગ મળ્યો છે. પાણીનું સંરક્ષણ અને સ્વચ્છ પેયજળની સુવિધા ગ્રામ વિકાસ માટે અત્યંત જરૂરી છે. લોકભાગીદારી અને ખાસ કરીને મહિલાઓની સક્રિય ભાગીદારીથી જ જળ સંરક્ષણના પ્રયાસોને વધુ સફળ બનાવી શકાય છે. આ અવસરે જળસંપત્તિ અને પાણી પુરવઠા (સ્વતંત્ર હવાલો)ના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, પાણી દરેક જીવ માટે અનિવાર્ય છે. તેથી રાજ્ય સરકાર દરેક નાગરિક સુધી પૂરતું અને સ્વચ્છ પાણી પહોંચે તે માટે સતત ક્રમગીરી કરી રહી છે. નવસારી જિલ્લામાં જલ જીવન મિશન અંતર્ગત વિવિધ મહત્વપૂર્ણ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ગામડાંઓ સુધી ગુણવત્તાસભર પીવાનું પાણી પહોંચાડવા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. જલ જીવન મિશનના અસરકારક અમલથી ગ્રામ્ય વિસ્તારોમાં પાણી પુરવઠાની વ્યવસ્થા વધુ સુદૃઢ બની છે અને લોકોના જીવનસ્તરમાં નોંધપાત્ર સુધારો આવી રહ્યો છે. આ અવસરે ગામમાં પાણી પુરવઠાની વ્યવસ્થા મજબૂત બનાવવા અને મહિલાઓની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે મહિલા પાણી સમિતિઓને ચેક વિતરણ કરાયા હતા.

તેમજ પાણી વ્યવસ્થાપનમાં મહત્વપૂર્ણ જવાબદારી નિભાવતી મહિલા વાલ્વ ઓપરેટરોને સન્માનિત કરાયા હતી. સાથે જ આત્મનિર્ભરતા અને ગ્રામ વિકાસમાં યોગદાન આપતા સ્વયં બચત મંડળો અને જિલ્લાના શ્રેષ્ઠ આંગણવાડી સેવિકાઓને "યશોદા એવોર્ડ"થી સન્માનિત કરવામાં આવી હતી.તેમજ જિલ્લાના વિવિધ વિભાગોની સરકારી કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને સહાય અનેલાભોનું વિતરણ કરાયું હતું આ અવસરે કેન્દ્રીય જલ શક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલ, રાજ્ય મંત્રીશ્રીઓ તથા ઉપસ્થિત મહાનુભાવો અને ગ્રામજનોએજળ સંચય અને જળ સંરક્ષણ માટે સંકલ્પપૂર્વક પ્રતિજ્ઞા લીધી હતી આ પ્રસંગે રાજ્ય સરકારના નર્મદા જલ અને કલ્પસર વિભાગના અગ્રસચિવ શ્રીમતી શાહમીના હુસૈન, ભારત સરકારના પેયજળ અને સ્વચ્છતા વિભાગના અધિક સચિવ અને મિશન ડાયરેક્ટર શ્રી કમલ કિશોર સોન, પેયજળ ડિરેક્ટરશ્રી હરિ નારાયણ , વાસ્મો મુખ્ય કાર્યકારી અધિકારી શ્રી સ્નુતિ ચારણ તથા કેન્દ્ર તથા રાજ્યના ઉચ્ચ અધિકારીશ્રી કાર્યક્રમમાં સહભાગી થયા હતા .

નવસારી જિલ્લા કલેક્ટરશ્રી ક્ષિપ્રા આગ્રે સ્વાગત પ્રવચન કરી નવસારી જિલ્લામાં થયેલ જળ સંચયના કામોની વિગતવાર માહિતી સાથે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. સાથે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી પરેશભાઈ દેસાઈ, નવસારી ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈ , ગણદેવી તાલુકા પંચાયત પ્રમુખશ્રી પ્રશાંતકુમાર શાહ , નવસારી જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પલતા, વાંસદા પ્રયોજના વહીવટદારશ્રી પ્રણવ વિજયવર્ગીય , નવસારી પોલીસ અધિક્ષકશ્રી રાહુલ પટેલ સહિત જિલ્લાના અધિકારીઓ, આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor :Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028